# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા EEPC INDIA ના સયુંકત ઉપક્રમે "OPPORTUNITIES FOR EXPORTS IN NEW MARKETS" અંગે સેમીનાર યોજવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા EEPC INDIA (એન્જીનીયરીંગ એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા) ના સયુંકત ઉપક્રમે "OPPORTUNITIES FOR EXPORTS IN NEW MARKETS" અંગે તા.૨૮-૧૧-૨૦૨૩, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૩૦, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે એક મહત્વના સેમીનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ. આ સેમિનારમાં EEPC INDIA ના રીજીઓનલ ડાયરેકટર ડો. રજત શ્રીવાસ્તવ, રાજકોટ ચેપ્ટરના નવા વરાયેલ કન્વીનરશ્રી સમીરભાઈ પટેલ તથા સિનીયર ડેપ્યુટી ડાયરેકટરશ્રી સુધાકરન નાયર ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા માસ દરમ્યાન અલગ-અલગ સેકટરને લગતા સેમિનારો યોજવામાં આવે છે તેનો લાભ ખાસ લેવો. તેમજ વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. ત્યારે કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો અમારા ધ્યાને મુકવી. સરકારશ્રી દ્વારા ઉધોગોને ખુબ જ પ્રોત્સાહીત કરવામાં આવી રહયા છે અને ધંધાનો વધુ ને વધુ વિકાસ થાય તે માટે ઘણી સ્કીમો-રાહત પેકેજો અમલમાં મુકેલ છે તો તેનો પણ ખાસ લાભ લેવો જોઈએ. દેશના અર્થતંત્રને આગળ ધપાવવામાં નિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. ત્યારે આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમી વિઝનને સાર્થક કરવા સૌ સહભાગી બનીએ. સાથો સાથ નિકાસ કરવા માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે બજારમાં પોતાનું માર્કેટ કેમ વધારી શકાય અને પોતાના ધંધાને કેમ વિકસીત કરી શકાય તે માટે આજના આ સેમિનારનું આયોજન કરેલ છે જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમિનારના ખાસ વકતા EEPC INDIA ના રીજીઓનલ ડાયરેકટર ડો. રજત શ્રીવાસ્તવએ આજનો આ સેમિનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરતા જણાવેલ કે નિકાસ દેશની કરોડરજજુ સમાન છે. ભારત દેશનું નિકાસ દિન પ્રતિદિન ખુબ જ વધી રહયું છે. દેશની ઈકોનોમી તાજેતરમાં ૪ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી ગઈ છે અને

ભારત દેશ આજે એક સક્ષમ દેશ તરીકે ઉભરી આવ્યું છે. તેમજ સમગ્ર દેશમાં ગુજરાતનું એક્ષપોર્ટ નંબર ૧ રેન્ક ઉપર છે. નિકાસ માટેની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે તકો, ઈન્સેન્ટીવ સ્કીમો, તેમજ વિવિધ ઈન્ટરનેશનલ એકઝીબીઝનો થકી નિકાસ માર્કેટ અંગેની માહિતી આપવામાં આવેલ હતી. એન્જીનીયરીંગ નિકાસ માટેના ૪૦ મુખ્ય દેશોનો હિસ્સો આશરે ૮૦% જેટલો છે. જેમાં ખાસ કરીને યુ.એસ.એ. સૌથી મોટું નિકાસ સ્થાન ગણાય છે, જયારે ૮ યુરોપીયન દેશો, સાઉથ ઈસ્ટ એસીયા ના ૫ દેશો, અને આફ્રિકા અને લેટીન અમેરીકાનો સમાવેશ થાય છે. સાથો સાથ EEPC INDIA દ્વારા મળવાપાત્ર નિકાસકારોને બેનેફીટ અંગેની સંપુર્ણ જાણકારી પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર આપેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ સેમિનારમાં હાજરી આપવા બદલ મહાનુભાવો તથા સભ્યશ્રીઓનો આભાર વ્યકત EEPC INDIA રાજકોટ ચેપ્ટરના નવા વરાયેલ કન્વીનરશ્રી સમીરભાઈ પટેલએ આભાર વ્યકત કરેલ અને સેમીનારને સફળ બનાવવા કારોબારી સભ્યશ્રી અચ્યુતભાઈ જસાણીએ જહેમત ઉઠાવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.